# આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

## આજનું પંચાંગ

| | |
|---|---|
| ઉદિત તિથિ | શુક્લ પક્ષ ચતુર્થી સવારે ૧૧:૧૮ સુધી, ત્યાર પછી પંચમી |
| વાર | મંગળ |
| નક્ષત્ર | જયેષ્ઠા તા. ૨૧ ઓક્ટોબર ૨:૧૨ સુધી, ત્યાર પછી મૂળ |
| કરણ | સવારે ૧૧:૧૮ સુધી વિષ્ટિ, ત્યાર બાદ બવ રાત્રે ૧૦:૦૭ સુધી, ત્યાર પછી બાલવ |
| યોગ | સવારે ૯:૪૯ સુધી સૌભાગ્ય, ત્યાર બાદ શોભન |
| જન્મેલા બાળકોની રાશિના અક્ષરો | ૨૧ ઓક્ટોબરના ૨:૧૨ સુધી વૃશ્ચિક, ત્યાર બાદ ધન તારીખ ૨૧ ઓક્ટોબરના ૨:૧૨ સુધી ન. ય., ત્યાર બાદ ભ. ફ. ધ. ઢ. |

આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

## આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

**મેષ** : આજે કસરાત કરજો હોં ને, બાકી શરીરમાં શક્તિનું વિતરણ યોગ્ય રીતે નહીં થાય અને ભેગી થયેલી તાકાત, ગુસ્સા તરીકે પ્રદર્શિત થશે. માત્ર એના કારણે સંબંધો શું કામ બગાડવા? જો માનસિક શાંતિ રાખો તો આજનો દિવસ તમને નવી તકો આપશે. આજે ઝડપથી બધું કામ પતાવવા ઈચ્છો પણ વિઘ્નો આવે. છતાં કામ તો પતશે જ. તો પછી મુશ્કેલી નથી એમ જ કહેવાય ને?

**વૃષભ** : ભાગીદારીમાં વ્યવસાય હોય તો આજે ખટરાગ થવાની પૂરી સંભાવના. જો સ્વતંત્ર વ્યવસાય હોય તો લાભપ્રદ દિવસ. આર્થિક બાબતો માધ્યમ રહેશે પણ આપ પૈસાના આયોજન અંગે આજે ચોક્કસ વિચારશો. ટૂંકા ગાળાનું પ્લાનિંગ કરો તો સારું રહેશે. જીવનસાથી પર રોફ ન જમાવશો, કેમ કે એવું કરીને આપ મિસાલ કાયમ કરશો કે 'આવું તો કરી શકાયલ્લ. સાથે રહેવું હોય તો સાયુજ્ય પહેલી શરત છે.

**મિથુન** : કાર્યસ્થળ પર આજે વિવિધ કાર્યોમાં સહભાગી થવાનું બને. આજના જમાનામાં એને મલ્ટી-ટાસ્કિંગ કહેવામાં આવે છે. એ ભલે કરો, પણ તમારું રૂટિન કામ ભૂલતાં નહીં. અન્ય રીતે કહું તો,તમારી પ્રાયોરીટી બદલાઈ જાય એવું ન કરશો. આજે કલીગ્સ સાથે થોડી જીભાજોડી થઇ શકે. અંગત જીવન સારું રહે. વાહન ચલાવતાં રસ્તા ઉપર ધ્યાન રાખજો, વિચારોમાં નહીં. ટેઈક કેર પ્લીઝ.

**કર્ક** : આજે આપને એમ થશે કે હું કંઈક કરી બતાવું. એ માટેની તક પણ આવશે પણ પછી મૂડ ફરી ન જવો જોઈએ હોં. આજે એટલું ધ્યાન રાખજો કે જે લોકો આપની નજીક છે તે તો આપને સમજી શકશે પણ આપના સહકાર્યકરો કે ઉપરીઓ પાસે એ જ અપેક્ષા ન રખાય. આજે નાનેરાંઓ આપની ધીરજ ખૂટવાડી દેશે, એટલે એમની સાથે વહેવાર કરતી વખતે મગજ પર બરફ રાખજો.

**સિંહ** : આજના દિવસ દરમ્યાન આપ પરિવારજનો પ્રત્યે ધ્યાન આપશો. કામકાજ તો ચાલ્યા જ કરશે પણ આપ પરિવારના સભ્યો સાથે સમય પણ વિતાવશો. ઘરમાં કોઈ વડિલ હોય કે કુટુંબમાં કોઈ બુઝુર્ગ હોય તેમની સાથે વાત કરજો, પુણ્ય મળશે. આજનો દિવસ ગણતરીઓ અને નફા વગરના કામો કરવાનો દિવસ છે. પુણ્ય અને ગુડવિલથી મોટો કોઈ નફો નથી.

**કન્યા** : રિસર્ચ એટલે કે સંશોધન – એ આપની વિશેષતા છે. આજના દિવસે કામ લાગે તેવું સંશોધન થઇ શકે. પણ જો એમ ન કર તો એટલીસ્ટ કોઈની જિંદગી ઉપર સંશોધન ન કરવા લાગતાં. એનાથી કોઈ ફાયદો નહીં થાય. બિઝનેસમાં સાહસ કરવાની ઈચ્છા થાય. કેલ્ક્યુલેટેડ રિસ્ક લેવામાં વાંધો જ નથી. શેર બજારમાં રિસ્ક ન લેતાં હોં! સ્પેક્યુલેશન સિવાયની બાબતે જોખમ લેશો તો વાંધો જ નથી.

**તુલા** : પોતાના કે બીજા કોઈના આર્થિક પાસાં અંગે વિચારો આવ્યા કરે. જો આપે લોન લીધી હોય, તો તે ભરપાઈ કરવા અંગે પણ વિચાર આવે. મગજને એવી પ્રવૃત્તિમાં આપ રોકશો કે એ વધુ ફળદ્રુપ થાય. બીજા લોકો આપના વિષે શું વિચારે છે, તે આપના માટે મહત્વપૂર્ણ રહેશે. પરણિત લોકોને સુખ. અપરણિત લોકો એકલતા અનુભવે.

**વૃશ્ચિક** : જે ગ્લાસમાં દૂધ ભરેલું છે એ ગ્લાસ અડધો ભરેલો છે કે અડધો ખાલી – એ આપે નક્કી કરવાનું છે. જે છે તેનો સંતોષ માનવો કે જે નથી તે અંગે અફસોસ કરવો – એ આપ જાતે જ નક્કી કરો. આજે જે તક મળે તેને વધાવજો. નવી નોકરીનો ઈન્ટરવ્યુ આપો તો વિલંબથી સફળતા મળે પણ સકારાત્મક અભિગમ સાથે ઈન્ટરવ્યુ આપજો હોં ને? ઓલ ધ બેસ્ટ.

**ધન** : ગઈકાલ બહુ સારી નહોતી પસાર થઈ. આજે કેવું લાગે છે? આજના દિવસે જે જે બાબતો આપના માટે બિનજરૂરી એટલે કે નોન-ઈસેન્શીયલ છે – તે તે બાબતોને જીવનમાંથી દૂર હટાવો. કશુંક નવું કરવું હશે, તો જૂનું ક્યાંક તો ખસેડવું પડશે ને? આજે વાંચન અથવા મનન – પ્રેરણાદાયી સાબિત થઈ શકે. બહારની દુનિયામાં શું ચાલે છે તે બધું જવા દો. આપના અંતરમનમાં શું ચાલે છે, તે વધુ અગત્યનું છે.

**મકર** : આજના દિવસે જે તે બાબતે આપ વધુ કટિબદ્ધ બનશો. અર્થાત 'આ કામ તો જલ્દી પૂરું કરવું જ છે, એમ વિચારશોલ્લ. આજે નિર્ધાર ભલે મક્કમ હોય, પણ કામની ગતિ ધીમી પડે તો હતાશ ન થશો. અંગ્રેજીમાં કહેવત છે 'રોમ વોઝ નોટ બિલ્ટ ઈન અ ડેલ્લ એ કહેવતનો ભાવાર્થ છે કે 'મોટા કામો કરવામાં સમય લાગી શકેલ્લ. દૂરના ભવિષ્યનું પ્લાનિંગ કરતાં પહેલાં, નજીકના ભવિષ્યને મજબૂત બનાવી લેવા સલાહ છે.

**કુંભ** : કામકાજ ઉપર ધ્યાન વિશેષ રહેશે. વિચાર અને આચાર, બંને એ જ દિશામાં હશે. જે વિચારો આપને માનસિક તાણ આપતાં હશે તેનો છેડો જલદી નથી જ આવવાનો, તેથી તે વિચારોને કેમ કાબુમાં કરવા – તે બાબત શીખી લો. મનની નિરાશા દૂર કરવા માટે સંગીત કે સાહિત્ય ઉત્તમ રહેશે. ધ્યાન ધરવા માટે કોશિશ કરો તો ધરી ન શકો કેમ કે એકાગ્રતા ઓછી હશે. કામમાં અંતરાલો આવશે.

**મીન** : આજે મક્કમ નિર્ધાર કરીને આપ અમુક કામો પૂરાં કરશો. જે બાબતે પ્રેક્ટીકલ અપ્રોચની જરૂર હોય તેમાં પ્રેક્ટીકલ થઈ ને પણ એ કામોને અંજામ આપી દેજો. એવું કશું જ ન કરશો કે જેમાં રિસ્ક હોય. તમારા વિચારો કરવટ બદલ્યા કરશે, પણ દ્વિધા દૂર કરવાનો એક જ ઉપાય છે – 'જે થાય તે ખરુંલ્લ એમ કરીને આગળ વધી જવું. અફકોર્સ, પરિણામની જવાબદારી તો આપ લેશો જ. આજે નવી તકો મળવાની શક્યતાઓ અને નવી મુલાકાતો પણ થાય.

મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫
Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

# રાજ્યમાં ૨૪ કલાકમાં ૯૯૬ કેસ

## ૨૪ કલાકમાં ૧૧૪૭ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા : અત્યાર સુધીમાં કુલ ૫૪૨૬૬૨૧ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૪૨૭૯૯ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૧૯

રાજ્યમાં કોરોનાની સ્થિતીમાં દિવસેને દિવસે સુધારો થઈ રહ્યો હોય તેવું દેખાઈ રહ્યું છે. આજે ઘણા દિવસો બાદ કોરોનાનાં આંકડો ૧૦૦૦ની નીચે જોવા મળ્યો છે. આજે રાજ્યમાં ૯૯૬ નવા દર્દીઓ નોંધાયા હતા. તો બીજી તરફ રાજ્યમાં ૧૧૪૭ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૪૨,૭૯૯ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૮૮.૮૫ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૨,૧૯૨ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૦૨.૯૫ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૫૪,૨૬,૬૨૧ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૪૪,૯૪૩ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૪૪,૬૬૧ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૨૮૨ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૮૮.૮૫ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૪,૨૭૭ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૭૧ લોકો છે. જ્યારે ૧૪,૨૦૬ લોકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૩૬૪૬ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૮ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનમાં ૩, સુરત કોર્પોરેશનમાં ૨ અને ગ્રામ્યમાં ૧, વડોદરા કોર્પોરેશનમાં ૧ અને ગ્રામ્યમાં૧ લોકોના કોરોનાનાં કારણે મૃત્યુ થયાં છે. આ રીતે ગુજરાતમાં કોરોનાને કારણે ૦૮ લોકોનાં મોત નિપજ્યાં છે.

# જુનાડીસામાં ખેતર પડાવી લેવા ભૂ-માફિયાઓનો આતંક

જુનાડીસા, તા. ૧૯

બટાટા નગરી તરીકે ઓળખાતા ડીસા તાલુકામાં જમીનના ભાવો ઊંચા છે. જેથી જમીન સંબંધી ગુનાઓનો રાફડો ફાટ્યો છે વધુ એક ગુનામાં ડીસા નજીકના જુનાડીસા ગામે માલિકીનું ખેતર પચાવી પાડવાના ઈરાદે હથિયારધારી ભૂ માફિયા ટોળીએ આતંક મચાવતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર ડીસાના એલડી પાર્ક ખાતે રહેતા હસમુખભાઈ ધુડાભાઈ સોનીના ભત્રીજા અનિલ નારણભાઈ સોનીની માલિકીની જુનાડીસા ખાતે રે/સ/નં. ૯૪૯/૧ ૯૫૧/૧ ૯૫૨/૧ ૯૪૧/૨ મુજબની ૨૧ વીઘા જમીન આવેલી છે.

જોકે ગત રોજ આ ખેતરમાં રહેતા ભાગીયા રંગુજીનો ફોન આવેલો કે આપણા ખેતરમાં તાર ફેન્સિંગની વાડ તોડી ધરપડા ગામનો શામળજી મદારજી ઠાકોર હાથમાં તલવાર, રઘુજી હમીરજી ઠાકોર હાથમાં ધારીયુ, હાલાજી ચમનજી ઠાકોર હાથમાં પાઈપ તેમજ સાથેના અન્ય માણસો હાથમાં હથિયારો સાથે પ્રવેશ કરેલ છે અને ધમકીઓ આપે છે. જેથી આ વાતને લઈ હસમુખભાઈ સોની પોતાની ગાડી લઈ ખેતર ઉપર પહોંચ્યા હતા.

જો કે તે દરમિયાન આ ઈસમોએ તેમના ભાગીયા તરીકે રહેતા રમેશજી રંગુજી ઠાકોર અને રંગુજી ઠાકોરને ધમકી આપી આ ખેતર બે દિવસમાં ખાલી કરી નાંખજો નહિતર જાનથી મારી નાખશું તેવી ધમકી આપી જતા રહેલા. જેથી આ મામલે હસમુખભાઈ સોનીએ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી શામળજી મદારજી ઠાકોર રહે. ધરપડા, રઘુજી હમીરજી ઠાકોર રહે. ધરપડા, હાલાજી ચમનજી ઠાકોર રહે. ધરપડા, ચમનજી ઉર્ફે કાળાજી ગભીરજી ઠાકોર રહે. ધરપડા, વસંતજી નાઢાજી ઠાકોર રહે. ભાટસણ, એયુબભાઈ ડફેર રહે. જુનાડીસા, પરેશભાઈ લખુભાઈ મેણાત રહે. સાલેમપુર અને કાંતિભાઈ શંકરભાઈ પટેલ રહે. કાતરાવાળા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કર્ણાવતી ક્લબમાં સીઈઓ સહિત આઠને કોરોના થયો

## મંગળવારે કેસોની શરૂઆત થઈ પરંતુ ઓફિસ શુક્રવારે બંધ કરી, મેમ્બર્સને સત્તાવાર જાણ કરવામાં નથી આવી

અમદાવાદ,તા.૧૯

શહેરની પોશ કર્ણાવતી ક્લબની ઓફિસ ગુરુવાર સુધી બંધ રહેશે. તાજેતરમાં ક્લબના સીઈઓ અને પ્રેસિડેન્ટ સહિત ૮ લોકોનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વ્યંગની વાત તો એ છે કે, ક્લબના કેટલાંક સભ્યોને આ અંગે ખબર નથી અને તેઓ ક્લબની નિયમિત મુલાકાત લઈ રહ્યા છે. પરિસ્થિતિ એટલી ગંભીર હોવા છતાં ક્લબ તેના આશરે ૧૫૦૦૦ જેટલા મેમ્બર્સને રવિવાર સુધી ઓફિશિયલી જાણ કરવા તેમજ સાવચેતી રાખવામાં નિષ્ફળ રહી છે.

મંગળવારે નવા કેસોની શરૂઆત થયા બાદ શુક્રવારે બપોરે ઓફિસ બંધ કરવામાં આવી હતી. ગુરુવાર સુધી ક્લબના સભ્યોને સ્ટાફના કોરોના ટેસ્ટ અને ઓફિસ બંધ કરવા અંગે કેમ જાણ કરવામાં નહોતી આવી? તેવો સવાલ કરતા કર્ણાવતી ક્લબ સેક્રેટરી કેતન પટેલે જણાવ્યું હતું કે, સભ્યો ઓફિસ એરિયા સાથે કનેક્ટેડ નથી કારણે કે બધુ ઓનલાઈન થાય છે. તેઓ સીધા જિમ અને જોગિંગ ટ્રેક પર જાય છે તેથી તેઓ ઓફિસ સાથે બિલકુલ કનેક્ટેડ નથી. અમે તેઓ બિનજરૂરી ગભરાય તેવું નહોતા ઈચ્છતા હતા. જો કે, અમે તેમને સોમવાર સુધીમાં ઓફિસ બંધ થવા અંગે મેસેજ મોકલીશું. પરિસ્થિતિ અંગે જાગૃત સભ્યો માને છે કે મેનેજમેન્ટે તમામ સભ્યોને જાણ કરવી જોઈએ.

જેથી જે લોકો સંક્રમિત વ્યક્તિઓ સાથે સંપર્કમાં આવ્યા હોય તેમજ ક્લબની મુલાકાત લેતા હોય તે લોકો જરૂરી સાવચેતી રાખી શકે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ ક્લબના કેટલાક સ્ટાફ સભ્યોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અથવા હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા હતા. ત્યારબાદથી ક્લબ ઓફિસ બંધ કરી દેવામાં આવી છે અને સમગ્ર સ્ટાફને પરીક્ષણ કરવા જણાવાયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ક્લબમાં દરરોજ ૩૦૦ સભ્યો મુલાકાત લે છે અને કેમ્પસમાં અન્ય ૪૫૦ કર્મચારીઓ કામ કરે છે.

પોઝિટિવ પરીક્ષણ કરનારાઓમાં ક્લબના સીઈઓ આરકે ભટ્ટ (૮૧) પણ છે. આરકે ભટ્ટ તેમની ફરજના ભાગ રૂપે નિયમિતપણે ક્લબની મુલાકાત લેતા હતા. તેમની સાથે આઠથી દસ કર્મચારીઓએ પણ કોરોના માટે સકારાત્મક પરીક્ષણ કર્યું હોવાનું સૂત્રએ જણાવ્યું હતું. સમાચારની પુષ્ટિ કરતાં આરકે ભટ્ટે કહ્યું, હા, મારી પત્ની અને મેં કોવિડ -૧૯ માટે સકારાત્મક પરીક્ષણ કર્યું છે. અમે શેલ્બી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છીએ. ગત મંગળવારે થોડા લક્ષણો જણાતા કોરોનાનો ટેસ્ટ કરાવ્યો હતો. મને એક દિવસ માટે આઈસીયુમાં દાખલ કરાયો હતો. પરંતુ હવે મને રૂમમાં શિફ્ટ કરવામાં આવ્યો છે.

### ૨૧ દર્દીઓ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. આ ઉપરાંત ગાંધીનગર ડીએસપી ઓફિસમાં કોન્સ્ટેબલ તરીકે ફરજો બજાવતા ૩૩ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨ માં આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. સે. ૨ માંથી ૩૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમજ ૨૧ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧ માં રહેતી અને અમદાવાદની ખાનગી કંપનીમાં મેનેજર તરીકેની સેવાઓ બજાવતી ૪૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૬ માંથી ૩૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૪માં રહેતા અને સેક્શન અધિકારી તરીકે ફરજો બજાવતા ૫૭ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

બોરીજ ગામમાંથી ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં દર્દીઓનો રિકવરી રેટ સારો રહ્યો છે. આજે વધુ ૨૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આમ બે દિવસમાં ૪૩ દર્દીઓ રિકવર થયા છે. શહેરમાં ૧૪૨૮ દર્દીઓ અત્યાર સુધીમાં કોરોનામુક્ત થયા છે.

### ૧૬ કેસ નોંધાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. લક્ષ્મીપુરા ગામેથી ૧૮ વર્ષના યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે પણ હોમ આઈસોલેસનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

અર્બન-૧ વિસ્તારમાંથી ૨૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ખાનગી નોકરીમાંથી નિવૃત્ત થયેલા ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

ગ્રામીણ વિસ્તારમાં હોમ આઈસોલેસનમાં રહી સારવાર મેળવનાર દર્દીઓની સંખ્યા ૮૯ સુધી પહોંચી ગઈ છે. આજે પણ ૬ મહિલા દર્દીઓ મળી આવતાં તંત્રની ચિંતા વધી છે. આજે નવ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાતંત્રએ રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં જણાવ્યુ છે કે આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલામાં ૨૧૭૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૫૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૪,૧૯૪ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

### સમાજને લાલ બત્તી...

# ડીસાના સ્પા સેન્ટરમાં કર્મચારીએ સગીરાની છેડતી કરતા ચકચાર

## પોલીસે છેડતી તેમજ પોસ્કો મુજબ ગુનો નોંધી આરોપીની અટકાયત

ડીસા, તા. ૧૯

ડીસાના જલારામ મંદિર સામે આવેલ સ્ટુડિયો-૧૧ સલુન એન્ડ સ્પા સેન્ટરમાં હેર સ્પા કરાવવા ગયેલી સગીરા સાથે છેડતી કરાતાં ચકચાર મચી જવા પામી છે. સગીરાએ પોલીસ મથકે ફરીયાદ નોધાવતા પોલીસે આરોપીની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સમાજને લાલ બતી ધરતાં બનાવની મળતી વિગતો મુજબ ડીસા શહેરના જલારામ મંદિર સામે રેજીમેન્ટ રોડ ઉપર આવેલા ગોલ્ડ માઈલ્ડ સ્ટોન શોપિંગ સેન્ટરના બીજા માળ ઉપર 'સ્ટુડિયો-૧૧ સલુન એન્ડ સ્પા' આવેલું છે. જેમાં ગુરૂવારે બપોરે સાડા ત્રણેક વાગ્યાના સુમારે એક સગીરા તેની બહેનપણીઓ સાથે હેર સ્પા કરાવવા માટે ગઈ હતી. જે દરમ્યાન સ્ટુડિયો-૧૧ માં કામ કરતાં સુશીલ હંસરાજ યાદવે 'બેક મસાજ' કરવાનું કહીને અંદરના રૂમમાં લઈ ગયા બાદ સ્ટોપર બંધ કરી હતી. આથી સગીરાએ સ્ટોપર કેમ બંધ કરો છો ? તેમ કહેતાં સુશીલ યાદવે અહીનો રૂલ્સ છે તેમ કહી સગીરાના જમણાં હાથનું બાવડુ પકડીને ગળાના ભાગે કીશ કરી હતી. જો કે, પોલીસને ફોન કરવાનું કહેતાં સુશીલ યાદવે સ્ટોપર ખોલતા સગીરા બહાર દોડી સ્પાના અન્ય લોકો સાથે આપવીતી જણાવી હતી.

આ અંગે સગીરાએ ડીસા શહેર ઉત્તર પોલીસ મથકે ફરીયાદ નોધાવતા પોલીસે સુશીલ હંસરાજ યાદવ (હાલ રહે. વંદના બંગ્લોઝ, ત્રણ હનુમાન મંદિર રોડ, ડીસા અને મુળ રહે. હાલુહેડા, તા.જી. મેરઠ, ઉત્તરપ્રદેશ) સામે આઈપીસી કલમ ૩૫૪ (અ) અને પોસ્કો કલમ ૮ મુજબ ગુનો નોધી વધુ તપાસ પી.આઈ. જે.વાય. ચૌહાણ ચલાવી રહ્યાં છે. કોરોના મહામારી વચ્ચે દિવાળીના સપરમાં દિવસો નજીક આવી રહ્યા છે ત્યારે પ્રકાશમાં આવેલાં આ બનાવે સમાજના પ્રબુદ્ધ અને શિક્ષિત વર્ગને હચમચાવી દીધો છે.

# પ્રાંતિજથી દાહોદ જતી બસ ખાડામાં ખાબકી

## બાઇકચાલકને બચાવવા જતાં બસ ખાડામાં ખાબકી : દાહોદના લીમડી કાળી મુવાડી પાસે અકસ્માત

પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ થી દાહોદ જતી એસટી બસ ને દાહોદ ના લીમડી નજીક કાળી મુવાડી પાસે બાઇક સવાર ને બચાવવા જતાં બસ ખાડામાં ખાબકી હતી તો બસમાં સવાર ૨૦થી ૨૫ જેટલા મુસાફરો ને નાની મોટી ઈજાઓ પહોચતા ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં .

પ્રાંતિજ એસટી ડેપો ની બસ પ્રાંતિજ થી દાહોદ જતી એસટી બસ ને સવારે દાહોદ લીમડી નજીક આવેલ કાળી મુવાડી પાસે અકસ્માત નડ્યો હતો જેમાં રોડ ઉપર અચાનક બાઇક આવી જતા બસ ચાલકે બાઇક સવાર ને બચાવવા જતાં બસ બાજુમાં આવેલ ખુલ્લા ખેતરમાં ખાડા માં ખાબકી હતી તો આજુબાજુ મા રહેતા લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતાં તો બસ મા સવાર ૨૦થી ૨૫ મુસાફરોને નાની વતી ઈજાઓ પોહચી હતી તો અકસ્માત ની જાણ ૧૦૮ ને દોડી આવેલ લોકો માંથી કરતાં ૧૦૮ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી ને ઈજાગ્રસ્તો ને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં તો લીમડી પોલીસ ને પણ જાણ થતાં તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી આગળ ની કાર્યવાહી હાથધરી હતી જોકે અકસ્માત મોટી જાન હાની ના થતા તંત્ર એ પણ હાસકારો લીધો હતો .

### હિંસા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કમિશનર ઓફ પોલીસ એચ લલ્થલંગલિયાનાએ કહ્યું કે શનિવારે સાંજે લાકડી-ડંડા લઈ આસામના કેટલાક લોકોએ સરહદી ગામના બહારના વિસ્તારમાં આવેલા ઓટોરિક્ષા સ્ટેન્ડની પાસે કથિત રીતે એક સમૂહ પર પથ્થરમારો કર્યો. ત્યારબાદ વેરેંગતે ગામના રહીશો મોટી સંખ્યામાં ભેગા થઈ ગયા. તેમણે કહ્યું કે વિસ્તારમાં કલમ ૧૪૪ લાગુ હોવા છતાં વેરેંગતે ગામની ગુસ્સે ભરાયેલી ભીડે નેશનલ હાઈવે પર લગભગ ૨૦ અસ્થાયી ઝૂંપડીઓ અને દુકાનોને આગ લગાવી દીધી. જે લૈલાપુર ગામના લોકોની હતી. ડીસીપીએ કહ્યું કે કલાકો સુધી ચાલેલા આ ઘર્ષણમાં મિઝોરમના ચાર લોકો સહિત અનેક લોકો ઘાયલ થયા. ઘર્ષણમાં ઘાયલ એક વ્યક્તિને કોલાસિબ જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરાયો છે. જેના ગળામાં ઊંડો ઘા હોવાના કારણે તેની સ્થિતિ નાજૂક છે. જ્યારે ત્રણ લોકોની સારવાર વેરેંગતા ગામના જનસ્વાસ્થ્ય કેન્દ્રમાં કરાઈ છે. પોલીસના જણાવ્યાં મુજબ એક ઘાયલને આસામના સિલચર મેડિકલ કોલેજ તથા હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ બધા વચ્ચે આસામ સરકારે કહ્યું કે હાલાત કાબૂમાં છે અને વિસ્તારમાં શાંતિ પૂર્વવત કરવા માટે વરિષ્ઠ અધિકારીઓ સાથે પોલીસફોર્સને પણ તૈનાત કરાઈ છે. આસામના વનમંત્રી તથા સ્થાનિક ધારાસભ્ય પરિમલ શુક્લા વૈદ્યે કહ્યું કે વિસ્તારમાં આ પ્રકારની ઘટનાઓ લગભગ દરેક વર્ષે થાય છે. કારણ કે બંને તરફથી લોકો ગેરકાયદેસર રીતે ઝાડ કાપે છે. આસામના મુખ્યમંત્રી સર્બાનંદ સોનોવાલના વિર્દેશ પર વૈદ્યે રવિવારે લૈલાપુરની મુલાકાત લીધી અને લોકો સાથે વાત કરી. આસામ સરકાર તરફથી બહાર પાડવામાં આવેલા નિવેદનમાં કહેવાયું છે કે આ ઘટના સમુદાયોમાં અશાંતિ પેદા કરવા માટે ઉપદ્રવીઓ માટે કરવામાં આવેલી કરતૂત હતી. આ બાજુ કછારના ડેપ્યુટી કમિશનર કિર્તી જલ્લીએ પણ આંતરરાજ્ય સરહદી વિસ્તારોની મુલાકાતો લીધી અને આશ્વાસન આપ્યું કે બંને રાજ્યોના લોકો વચ્ચે અશાંતિ પેદા કરવાની કોશિશ કરનારા અસામાજિક તત્વોથી પ્રશાસન તેમને સંપૂર્ણ રીતે સુરક્ષા ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ બાજુ આસામના મુખ્યમંત્રી સર્બાનંદ સોનોવાલે હાલની સ્થિતિ અંગે પ્રધાનમંત્રા કાર્યાલય (પીએમઓ) અને કેન્દ્રીય ગૃહ મંત્રાલયને માહિતગાર કર્યા છે. આસામ સરકારના એક નિવેદન મુજબ સોનોવાલે મિઝોરમના મુખ્યમંત્રી જોરામથંગાને પણ ટેલિફોન કર્યો અને સરહદ પર ઘટેલી ઘટના અંગે તેમની સાથે વાત કરી. મિઝોરમના મુખ્યમંત્રીની સાથે પોતાની વાતચીત દરમિયાન સોનોવાલે સરહદી મુદ્દાના ઉકેલ માટે સાર્થક ઉપાય અને સંયુક્ત કોશિશો કરવા પર ભાર મૂક્યો. તેમણે સરહદી વિવાદને સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલવા અને આંતરરાજ્ય સરહદ પર શાંતિ, કાયદો વ્યવસ્થા જાળવવા માટે સહયોગની સાથે કામ કરવાની પણ વકાલત કરી.

### શક્તિશાળી દેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સામેલ છે. રિપોર્ટમાં ભારતને એશિયાની સૌથી ઝડપથી વધી રહેલ અર્થતંત્ર ગણાવાયું છે. ભારત અને જાપાન બંને મોટી શક્તિઓ છે. જાપાનને સ્માર્ટ તો ભારતને ભવિષ્યની વિશાળ તાકાત ગણાવવામાં આવી છે. જ્યારે અમેરિકાને પહેલેથી પ્રતિષ્ઠિત શક્તિ ગણાવી છે. પરંતુ ચીનને એક ઉભરી રહેલ